નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

સાફલ્યગાથા તા.૦૧/૦૩/૨૦૨૧ થી ૦૭/૦૩/૨૦૨૧

| કચેરી/ શાખા | કચેરી કામગીરીની વિગત |
|---|---|
| ચીખલી પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | ચીખલી પોસ્ટે પાર્ટ-સી ગુ.ર.નં ૧૧૮૨૨૦૦૯૨૧૦૩૬૩ પ્રોહી એકટ કલમ-૬૫એ,ઈ, ૯૮(૨) મુજબ કબ્જાની કાળા કલરની બજાજ રી ઓટો રીક્ષા નંબર GJ-15-TT-2082 માં ગે.કા વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂ વિશ્કીની બાટલીઓ નંગ-૩૨૪ જેની કિ.રૂ. ૫૭,૬૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા પકડાયેલ આરોપીના મોબાઇલ ફોન નંગ-૧ જેની કિં.રૂ. ૫૦૦/- તથા કાળા કલરની બજાજ રી ઓટો રીક્ષા નંબર GJ-15-TT-2082 જેની કિ.રૂ.૫૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧,૦૮,૧૦૦/- ના પ્રોહી મુદ્દામાલની ફેરા ફેરી કરતા પોલીસની નાકાબંધી દરમ્યાન પકડાઈ જઇ ગુનો કરેલ |
| ચીખલી પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | ચીખલી પો.સ્ટે. સી પાર્ટ ૧૧૮૨૨૦૦૯૨૧૦૩૬૦/૨૦૨૧ પ્રોહી એકટ કલમ- ૬૫એઈ,૮૧, ૯૮(૨), મુજબ આ કામના પકડાયેલ આરોપી (૧) રાહુલભાઈ યજ્ઞનારાયણ મોર્યા ઉ.વ.૩૦ ધંધો-ડ્રાઇવિંગ રહે-૨૮૯,લક્ષ્મીનારાયણ નગર-૧ જય અંમ્બેમાતા નગરની પાસે ડીંડોલી, સુરત-૩૯૪૨૧૦ (૨) વિનયભાઇ ધર્મેશભાઇ દેસાઇ ઉ.વ.૨૩ ધંધો-મંજુરી રહે- લક્ષ્મીનગર, મારૂતીનગરની પાસે વિજલપોર તા-જલાલપોર જી-નવસારી (૩) દિલિપભાઇ અકબાલશંકર વર્મા ઉ.વ-૨૯ ધંધો-મંજુરી રહે-રેવાનગર વિઠ્ઠલમંદિરની આગળ વિજલપોર તા-જલાલપોર જી-નવસારી નાઓ એકબીજાની મદદગારી કરી ગ્રે કલરની મારૂતી સુજુકી ઇક્કો ગાડી નં.GJ-05-JS-3755 માં ગે.કા વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂ વિશ્કીની બાટલીઓ નંગ-૨૪૦ જેની કિ.રૂ.૨૫,૨૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા ગ્રે કલરની મારૂતી સુજુકી ઇક્કો ગાડી નં. GJ-05-JS-3755 જેની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૨,૨૫,૨૦૦/- ના મુદ્દામાલ હેરા ફેરી કરી કરતા પકડાઈ જઇ ગુનો કર્યા વિગેરે બાબત. |
| વાંસદા પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | 'પાર્ટ બી નં-૧૧૮૨૨૦૦૩૨૧૦૨૩૯ જુગારધારા કલમ-૧૨ (અ) મુજબ ખંભાલીયા ગામીત ફળિયામાં રમેશભાઇ કરશનભાઇ પટેલના ઘરની નજીકમા આવેલ આંબાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં :- પુર્વે કી.મી.૧૩ ઉનાઇ ઓપી 'તે એવી રીતે કે આ કામના તહોનાઓએ વરલી મટકાના નીકળતા આંકો ઉપર પૈસાવતી હારજીતનો જુગાર રમી રમાડી જુગારના સાધનો બોલપેન નંગ-૧ કિ.રૂ-૦૦/૦૦ તથા આંકો લખેલ કાગળની કાચી કાપલીઓ નંગ-૨ કિ.રૂ.૦૦/૦૦ તથા પકડાયેલ આરોપીના હાથમાંના તથા અંગઝડતીમાંના કુલ્લે રૂપિયા.૪,૫૦/- ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુનો કર્યા વિ.બાબત |
| નવસારી ટાઉન પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | પાર્ટ – C-૧૧૮૨૨૦૧૯૨૧૦૨૫૫ પ્રોહી એકટ કલમ ૬૫AE,૧૧૬(૨),૮૧ મુજબ તે એવી રીતે કે આ કામના આરોપીઓ પોતાના કબ્જામાં પ્લાસ્ટીકના બે મીણીયા કોથળાઓમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કીની નાની બાટલીઓ તથા વ્હીસ્કીના પાઉચ કુલ નંગ ૨૦૪ કુલ કિં રૂ. ૨૬,૫૩૫/- નો પ્રોહી જથ્થો વગર પાસ પરમીટે રાખી પકડાઇ ગુનો કરેલ. |

## પ્રેસનોટ તા.૦૬/૦૩/૨૦૨૧

## છેલ્લા ૦૨ વર્ષથી નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ડિટેઇન કરતી એલ.સી.બી. નવસારી

નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓની ધરપકડ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા નવસારી વિભાગ, નવસારી નાઓએ પોલીસ ઇન્સ્પેકટર વી.એસ.પલાસ એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી નવસારી નાઓએ પેરોલ ફર્લો સ્કોડ તેમજ એલ.સી.બી. નવસારીના પોલીસ માણસોને જરૂરી સુચના આપેલ. જે આધારે પો.સ.ઇ. એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારી તથા અ.હે.કો. જયેશભાઇ ગોવિંદભાઇ, અ.હે.કો. મિલનભાઇ મનસુખભાઇ બંને નોકરી-એલ.સી.બી. નવસારી. પો.કો. કિરણભાઇ ભગુભાઇ તથા પો.કો. વિપુલભાઇ નાનુભાઇ બંને નોકરી પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી.નવસારી નાઓ સાથે ખાનગી વાહનમાં નવસારી જીલ્લામાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કો. કિરણભાઇ ભગુભાઇ તથા પો.કો. વિપુલભાઇ-નાનુભાઇ નાઓને તેમના ખાનગી બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, નવસારી રૂરલ પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૩૫૨/૨૦૧૯ પ્રોહી એકટ કલમ ૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી મોહસીન જાવીદભાઈ ઉ.વ.૨૨ રહેવાસી રૂમ નં.જી-૪, એડવાન્સ એપાર્ટમેન્ટ, ખાડીવાડ, નાની દમણ મો.નં.૯૭૧૪૮૮૬૫૪૩ નાનો હાલ નવસારી ગ્રીડ પાસે આવેલ નવી કાઠિયાવાડી હોટલ પાસે ઉભો છે અને તેણે શરીરે કાળા તથા સફેદ કલરનુ પ્રિન્ટેડ લાંબી બાંયનુ શર્ટ તથા કમરે ભુરા કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે. જે મળેલ બાતમી હકીકત આધારે આરોપીની તપાસ કરતા આરોપી મળી આવતા નાસતા-ફરતા હોવા અંગે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ખાતરી કરતા તે ઉપરોકત ગુનામાં છેલ્લા ૦૨ વર્ષથી નાસતો-ફરતો હોવાનું જણાય આવતા આરોપીને ડિટેઇન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે નવસારી રૂરલ પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.



## પ્રેસ નોટ તા.૦૬/૦૩/૨૦૨૧

## ગણદેવી પો.સ્ટે. વિસ્તારમાંથી ગેરકાયદેસર ગેસ બોટલો રાખી વેચાણ તથા રિફીલીંગ કરતા ઇસમને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી.ટીમ

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષીકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધીક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નાઓએ ગેરકાયદેસર પ્રવૃતિ સદંતર બંધ કરાવવા બાબતે આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.ઓ.જી.નવસારીનાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે આધારે

તા.૦૫/૦૩/૨૦૨૧ના રોજ અ.હે.કો ભાવેશકુમાર જયમનલાલ, અ.હે.કો દિનેશભાઇ ફુલસિંગભાઇ,અ.હે.કો મોહમદફૈસલ મકબુલહુસેન,આ.પો.કો નિલેશભાઇ રતીલાલ,અ.પો.કો કિરણભાઇ દિનેશભાઇનાઓ સાથે ગણદેવી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન અ.હે.કો મોહમદફૈસલ મકબુલહુસેન તથા આ.પો.કો નિલેશભાઇ રતીલાલ નાઓને સયુંકત બાતમી મળેલ કે," મોજે વાંઝરી ફળીયા બેપાસ ગણદેવી ખાતે આવેલ ઓમકાર કિરાણા સ્ટોરમાં ઓમકારલાલ ઉર્ફે રમેશભાઇ લાદુલાલ કુમાવત નામનો ઇસમ મોટા ગેસના બાટલાઓમાંથી ગેસ રીફીલીંગ પાઇપ વડે નાના ગેસના બાટલાઓમાં ગેસ ભરી આપી, કાળા બજાર કરી હાઇવે ઉપર આવતી જતી ટ્રકોના ડ્રાઇવરોને/ગ્રાહકોને ઉંચા ભાવે વેચાણ કરે છે અને ગેસ રીફીલીંગની પાઇપ તથા ખાલી-ભરેલ ગેસના બાટલા દુકાનમાં પડેલ છે " જે હકિકત આધારે રેઇડ કરતાં આરોપી ઓમકારલાલ ઉર્ફે રમેશભાઇ લાદુલાલ કુમાવત ઉ.વ ૩૮ રહે વાંઝરી ફળીયુ બેપાસ ગામ તા.ગણદેવી જી.નવસારી મુળ રહે પ્રતાપપુરા થાણા આમીટ જી.ભીલવાડા રાજસ્થાન નાઓ હાજર મળી આવેલ જેને સાથે રાખી દુકાન/ગોડાઉનમાં ઝડતી તપાસ કરતાં (૧) ભારત ગેસ કંપનીના ભરેલ ગેસના બાટલા નંગ ૩ તથા ખાલી બાટલા નંગ ૨ કિ.રૂપીયા ૧૩,૦૦૦/- (૨) POWER KING 2000 કંપનીનો ગેસનો બાટલો નંગ ૧ કિ.રૂપીયા ૧૫૦૦/- (૩) INDIA FLAML કંપનીનો ગેસનો બાટલો નંગ ૧ કિ.રૂપીયા ૧૦૦૦/- (૪) UNIQUE કંપનીનો ગેસનો બાટલો નંગ ૧ કિ.રૂપીયા ૧૦૦૦/- (૫) આયશા ગેસનો બાટલો નંગ ૧ કિ.રૂપીયા ૧૦૦૦/- (૬) રીફીલીંગ પાઇપ નંગ ૧ કિ.રૂપીયા ૧૫૦૦/- (૭) એલ.એમ.પી કંપનીનો ડીજીટલ વજન કાંટો કિ.રૂપીયા ૧૫૦૦/- (૮) ગેસના બાટલાનુ કવોલ્ક (નિપ્પલ) ખોલવા માટેનુ પાનુ કિ.રૂપીયા ૧૦૦/- મળી કુલ કિંમત રૂપીયા ૨૦,૬૦૦/- ની મતાનો મુદામાલ કબ્જે કરી આરોપીને ડીટેન કરેલ છે. આરોપી વિરૂધ્ધમાં આ.પો.કો નિલેશભાઇ રતીલાલ નાઓએ ગણદેવી પો.સ્ટેમાં ઇ.પી.કો.કલમ ૨૮૬ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ની કલમ ૩,૭ મુજબ ફરીયાદ આપેલ છે આગળની તપાસ અર્થે ગણદેવી પો.સ્ટે.ખાતે સોંપેલ છે.



<u>પ્રેસ નોટ તા.૦૭/૦૩/૨૦૨૧</u>

**<u>નવસારી ટાઉન પોલીસ સ્ટેશનના હીરા ચોરીના ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓને રૂપીયા ૯૯,૯૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી એલ.સી.બી નવસારી</u>**

અત્રેના નવસારી જીલ્લામાં મિલકત સબંધી ચોરીના વણ ઉકેલીયા ગુના શોધી કાઢવા જિલ્લા પોલીસ વડા દ્વારા લોકલ ક્રાઇમ બ્રાંચને સુચના અપાઇ હતી પોલીસ અધિક્ષકશ્રી, ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા શ્રી, એસ.જી.રાણા નાયબ પોલીસ અધિક્ષકશ્રી નવસારી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.પોલીસ ઇન્સ્પેકટર વી.એસ.પલાસ નવસારી નાઓએ ટીમો બનાવી નવસારી ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોલીસ માણસો હે.કો નિલેશભાઇ અશોકભાઇ તથા પો.કો અર્જુનભાઇ પ્રભાકરભાઇ નાઓને મળેલ બાતમી હકિકત આધારે નવસારી સત્તાપીર ના નાકા પાસે થી મોહમદઅનીશ ગફારભાઇ માંડવીયા રહેવાસી કલાસીક કોમ્પલેક્ષની સામે ચારપુલ ટાપરવાડ તા.જી.નવસારી નાઓને હીરાનું એક પેકેટ સાથે પકડી પાડી તેઓની પુછપરછ દરમ્યાન સદર હીરા તેમને હેમંતકુમાર રમણભાઇ ગાંધી રહે. શંખેશ્વર સોસાયટી, કાલીયાવાડીપુલ પાસે તા.જી.નવસારી જે પી.વીરચંદ એન્ડ સન્સ નામવાળી હીરાની ઓફીસમાં નોકરી કરતા હોય ત્યાંથી ચોરી કરેલ હીરાઓ પોતાને વેચવા માટે આપેલાની કબુલાત કરતા હેમંતકુમાર રમણભાઇ ગાંધીની તપાસ કરતા મળી આવતા તેઓની પુછપરછ કરતા ગુનાનો એકરાર કરતા નવસારી ટાઉન પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૯૨૧૦૨૫૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૮૧ મુજબ નો ગુનો દાખલ થયેલ હોવાનું અને તેમાં શકદાર તરીકે હેમંતકુમાર રમણભાઇ ગાંધીનું નામ હોવાનું જણાય આવેલ હોય જેથી મોહમદઅનીશ ગફારભાઇ માંડવીયા નાઓ પાસેથી મળી આવેલ હીરાનું પેકેટ જેનું વજન વજન ૫૪.૦૦ કેરેટ જેની કિં.રૂ. ૯૯,૯૦૦/-ના હીરા એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય જેથી બંને ઇસમોને આજરોજ તા.૦૭/૦૩/૨૦૨૧ ના કલાક ૧૨/૩૦ વાગે તાબામા લઇ આગળની કાર્યવાહી માટે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપેલ છે.

**<u>પકડાયેલ આરોપીનું નામ</u>** :-

(૧) હેમંતકુમાર રમણભાઇ ગાંધી ઉ.વ. ૫૬ ધંધો નોકરી (હીરા પ્લાનર) રહે. ૪૦, શંખેશ્વર સોસાયટી, કાલીયાવાડીપુલ પાસે તા.જી.નવસારી

(૨) મોહમદઅનીશ ગફારભાઇ માંડવીયા ઉ.વ ૫૫ ધંધો હીરા દલાલીનો રહેવાસી કલાસીક કોમ્પલેક્ષની સામે ચારપુલ ટાપરવાડ તા.જી.નવસારી

**<u>કબ્જે કરેલ મુદ્દામાલ</u>** :-

(૧) હીરા વજન ૫૪.૦૦ કેરેટ જેની કિં.રૂ. ૯૯,૯૦૦/-તથા (૨) બંનેની અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૦૨ જેની આશરે કિં રૂ. ૧૫,૦૦૦/-મળી કુલ કિં. રૂ. ૧,૧૪,૯૦૦/-નો મુદ્દામાલ.

**સારીકામગીરી કરનાર પોલીસ અધિકારી / માણસો** :- પો.ઇન્સ વી.એસ.પલાસ, એ.એસ.આઇ કલ્યાણભાઇ રામભાઇ, એ.એસ.આઇ સુનિલસીંહ દેવિસીંહ, અ.હે.કો નિલેશભાઇ અશોકભાઇ, અ.હે.કો જયેશભાઇ ગોવિંદભાઇ, હે.કો આસ્લસિંહ જગતસિંહ પો.કો અર્જુનભાઇ પ્રભાકરભાઇ તથા પો.કો કિરણભાઇ ભગુભાઇ



<u>પ્રેસનોટ તા.૦૬/૦૩/૨૦૨૧</u>

<u>નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના લીસ્ટેડ પ્રોહીબીશનના બુટલેગરની પાસા હેઠળ ધરપકડ કરતી નવસારી એલ.સી.બી.</u>

સ્થાનિક સ્વરાજય સામાન્ય ચુંટણી-૨૦૨૧ અનુસંધાને નવસારી જીલ્લામાં અત્રેના નવસારી જીલ્લામાં પ્રોહીબીશનની બદી નાબુદ કરવા માટે અને પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલા લીસ્ટેડ બુટલેગરો ઉપર પાસા કરવા સારૂ <u>પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ</u> તથા <u>નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા નવસારી વિભાગ, નવસારી</u> નાઓએ <u>પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.એસ.પલાસ એલ.સી.બી. નવસારી</u> નાઓને જરૂરી સુચનાઓ આપેલ.

જે અનુસંધાને નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ લીસ્ટેડ બુટલેગર <u>સંજયભાઇ વલ્લભભાઇ પટેલ રહે. ચોરમલા ફળીયા, વિરાવળગામ, તા.જી.નવસારી</u> નાઓ વિરૂધ્ધ સને ૨૦૨૦ માં પ્રોહીબીશનના ગણનાપાત્ર કેસો દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ પોલીસ ઇન્સ્પેકટર નવસારી રૂરલ પોલીસ સ્ટેશન નાઓ ધ્વારા તેની વિરૂધ્ધ " બુટલેગર વ્યકિત " તરીકે પાસા દરખાસ્ત તૈયાર કરી કલેકટરશ્રી નવસારીનાઓને મોકલી આપવામાં આવેલ.

જે પાસા દરખાસ્ત અનુસંધાને કલેકટરશ્રી નવસારી નાઓએ આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનીયમ ૧૯૮૫ની જોગવાઇઓ હેઠળ <u>" બુટલેગર વ્યકિત "</u> તરીકે પાસા વોરંટ ઇશ્યુ કરતા આરોપી સંજયભાઇ વલ્લભભાઇ પટેલ રહે. ચોરમલા ફળીયા, વિરાવળગામ, તા.જી.નવસારી નાઓને <u>તા.૦૫/૦૩/૨૦૨૧ના</u> રોજ અટક કરી <u>મધ્યસ્થ જેલ રાજકોટ જીલ્લો.રાજકોટ</u> ખાતે મોકલી આપેલ છે.

